# શ્રેયસ અય્યર ફિટ, નેટ્સમાં પરસેવો પાડતો દેખાયો

**આવતા** મહિને ઘરઆંગણે રમાનારી ન્યૂઝીલેન્ડ સીરિઝથી ટીમ ઈન્ડિયામાં વાપસી કરી શકે

**મુંબઇમાં** પ્રેક્ટિસ શરૂ કર્યા પછી હવે શ્રેયસ બેંગલુરુમાં બીસીસીઆઇના CoE જવા રવાના



મુંબઈ, તા. 25 : ઈજાને કારણે થોડા મહિનાઓથી ક્રિકેટથી દૂર ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર બેટ્સમેન શ્રેયસ અય્યર હવે ફિટ થયો છે અને તે નેટ્સમાં પરસેવો પાડતો જોવા મળ્યો હતો. ઓક્ટોબરના અંતમાં, અય્યરને ઓસ્ટ્રેલિયામાં પાંસળીમાં ઈજા થઈ હતી, જેના કારણે તેને ICUમાં દાખલ કરવો પડ્યો હતો. તે સમયે, ઐયરની ઈજાએ ઘણી ચર્ચા જગાવી હતી.

અય્યરે થોડા દિવસો પહેલા IPL મીની હરાજીમાં ભાગ લીધો હતો. અને હવે તે નેટમાં બેટિંગ પ્રેક્ટિસ કરતો જોવા મળ્યો હતો. પરિણામે, ન્યૂઝીલેન્ડ સામેની આગામી વન ડે સીરિઝથી તે ટીમમાં પાછો ફરે તેવી ચર્ચા શરૂ થઈ છે. આવતા મહિને ભારતની મુલાકાતે આવનારી ન્યુઝીલેન્ડની ટીમ ટી-20 મેચોની સાથે સાથે વન ડે સીરિઝ પણ રમશે. ભારતીય ટીમના પસંદગીકારોએ ટી-20 સીરિઝ માટે ટીમની જાહેરાત કરી દીધી છે, પરંતુ વન ડે ટીમ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. અહેવાલો અનુસાર, શ્રેયસે 24 ડિસેમ્બરે મુંબઈમાં ફરી બેટિંગ પ્રેક્ટિસ શરૂ કરી. ઐયરે લગભગ એક કલાક સુધી કોઈ સમસ્યા વિના બેટિંગ કરી. તે હવે બેંગલુરુમાં BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) જવા રવાના થઈ ગયો છે, જ્યાં તેના પાછા ફરવાનો સમય નક્કી કરવામાં આવશે.

# પાનેસરે ઈંગ્લેન્ડના આગામી કોચ તરીકે રવિ શાસ્ત્રીનું નામ સૂચવ્યું

**ઓસ્ટ્રેલિયા** સામેની એશિઝમાં ભૂંડા પરાજયથી મુખ્ય કોચ બ્રેન્ડન મેક્કુલમના ભાવિ પર સવાલ

**ઈંગ્લેન્ડના** માજી સ્પિનર મોન્ટી પાનેસરે રવિ શાસ્ત્રીનું નામ સંભવિત રિપ્લેસમેન્ટ તરીકે સૂચવ્યું



લંડન, તા. 25 : ઓસ્ટ્રેલિયામાં ઈંગ્લેન્ડની એશિઝ સીરિઝમાં ભૂંડી હારથી મુખ્ય કોચ બ્રેન્ડન મેક્કુલમના ભવિષ્ય પર શંકા ઉભી થઈ છે. બેન સ્ટોક્સની આગેવાની હેઠળની ટીમ માત્ર 11 દિવસમાં સીરિઝ હારી ગઈ છે. ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ સ્પિનર મોન્ટી પાનેસરે ભારતના માજી કોચ રવિ શાસ્ત્રી સ્વરૂપે એક બોલ્ડ વિકલ્પ સૂચવ્યો છે. ટીકા છતાં, મેક્કુલમ કોચ તરીકે ચાલુ રહેવા માંગે છે, પરંતુ પાનેસરની ટિપ્પણીઓ ઈંગ્લેન્ડને નવા અભિગમની જરૂર છે કે કેમ તે અંગેની ચર્ચાને પ્રકાશિત કરે છે.

પત્રકાર રવિશ બિષ્ટ સાથેની તેમની યુટ્યુબ ચેનલ પર વાત કરતા, પાનેસરે ભારપૂર્વક જણાવ્યું કે ઈંગ્લેન્ડને એવા કોચની જરૂર છે જે ખરેખર ઓસ્ટ્રેલિયાની પરિસ્થિતિઓમાં કેવી રીતે જીતવું તે સમજે છે. પાનેસરે કહ્યું કે તમારે વિચારવું પડશેઃ ઓસ્ટ્રેલિયાને કેવી રીતે હરાવવું તે કોણ જાણે છે? તમે ઓસ્ટ્રેલિયાની નબળાઈઓનો, માનસિક, શારીરિક અને વ્યૂહાત્મક રીતે કેવી રીતે લાભ લો છો? મને લાગે છે કે રવિ શાસ્ત્રી ઈંગ્લેન્ડના આગામી મુખ્ય કોચ બનવા જોઈએ. પાનેસરે ભારત સાથે શાસ્ત્રીના નોંધપાત્ર રેકોર્ડ તરફ ધ્યાન દોર્યું,. ભારતે પહેલી વાર 2018/19માં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતી, તેમજ એડિલેડમાં36 રનમાં ઓલઆઉટ અને ઈજાઓના પડકારોનો સામનો કરીને 2020/21માં આ સિદ્ધિનું પુનરાવર્તન કર્યું હતું.

# મહિલા ટી-20 : ભારતની નજર આજે શ્રીલંકા સામે સીરિઝ જીતવા પર

**ભારતનું** બેટિંગ અને બોલિંગ યુનિટ મજબૂત પણ તેમણે પોતીની ફિલ્ડીંગ પર વધુ કામ કરવાની જરૂર

**સાંજે** સાત વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

તિરુવનંતપુરમ, તા. 25 (પીટીઆઇ) : આત્મવિશ્વાસથી ભરેલી ભારતીય ટીમ પોતાની લય જાળવી રાખીને અહીં શુક્રવારે રમાનારી ત્રીજી ટી20 મેચ જીતીને પાંચ મેચની સીરિઝમાં અજેય સરસાઇ મેળવવાના ઈરાદા સાથે શ્રીલંકાની ટીમ સામે મેદાનમાં ઉતરશે. ભારતે વિશાખાપટ્ટનમમાં રમાયેલી પહેલી બે ટી-20 મેચ અનુક્રમે આઠ અને સાત વિકેટથી જીતી હતી. ભારતની છેલ્લી 11 ટી-20 મેચમાં આ નવમી જીત હતી. શ્રીલંકાએ છેલ્લે જુલાઈ 2024માં દામ્બુલામાં ભારતને હરાવ્યું હતું.

યજમાન ટીમ પાસે એક મજબૂત બેટિંગ લાઇન-અપ છે, અને છેલ્લી બે મેચમાં, વિવિધ ખેલાડીઓએ આગેવાની લીધી છે. પહેલી મેચમાં જેમીમા રોડ્રિગ્સે, જ્યારે બીજી મેચમાં શેફાલી વર્માએ જીતની ચાવી બતાવી હતી. ભારતનું બોલિંગ યુનિટ પણ એટલું જ મજબૂત છે, અને તેના સ્પિનરોએ શ્રીલંકાને પહેલી મેચમાં છ વિકેટે 121 અને બીજી મેચમાં નવ વિકેટે 128 રન સુધી સિમિત રાખ્યું હતું. યુવા ખેલાડીઓ શ્રીચરણી, વૈષ્ણવી શર્મા અને ક્રાંતિ ગૌડે શિસ્તબદ્ધ, નિયંત્રિત અને અસરકારક રીતે બોલિંગ કરી છે. ઓલરાઉન્ડર દીપ્તિ શર્મા તાવને કારણે બીજી ટી-20 રમી શકી નહીં. જોકે, ભારતીય ટીમે પોતાની ફિલ્ડિંગ પર કામ કરવું પડશે કારણ કે તેણે પહેલી મેચમાં પાંચ કેચ છોડ્યા હતા અને બીજી મેચમાં ત્રણ રન આઉટ કર્યા હતા.




## નીરજ ચોપરા અને હિમાની મોરના લગ્નનું કરનાલમાં રિસેપ્શન

ભારતના ઓલિમ્પિક્સ ગોલ્ડ મેડલિસ્ટ એથ્લેટ નીરજ ચોપરા અને ટેનિસ ખેલાડી હિમાની મોરના લગ્નનું રિસેપ્શન આજે કરનાલના ધ ઇડન જન્નત હોલમાં યોજાયું હતું. નીરજ ચોપરાએ ઇન્ડો-વેસ્ટર્ન આઉટફિટ પહેર્યો હતો, જ્યારે હિમાનીએ મરૂન ડિઝાઇનર લહેંગા-ચોલી પહેરી હતી. બપોર સુધીમાં મહેમાનો હોટલમાં પહોંચી ગયા. ત્યારબાદ નીરજ અને તેની પત્ની હિમાની હાથ પકડીને અંદર પ્રવેશ્યા હતા. નીરજ ચોપરાએ 16 જાન્યુઆરી, 2025 ના રોજ હિમાચલ પ્રદેશમાં એક ખાનગી સમારંભમાં ટેનિસ ખેલાડી હિમાનીના મોર સાથે લગ્ન કર્યા હતા.

# સગીરના કથિત જાતિય શોષણ કેસમાં પોક્સો કોર્ટે યશ દયાલના જામીન ફગાવ્યા

**જયપુર** પોક્સો કોર્ટે આગોતરા જામીન અરજી ફગાવતા યશ દયાલની ગમે ત્યારે ધરપકડ થશે



જયપુર, તા. 25 : અહીંની એક કોર્ટે સગીર છોકરી પર કથિત જાતીય હુમલો કરવાના કેસમાં ક્રિકેટર યશ દયાલની આગોતરા જામીનની અરજી ફગાવી દેતાં તેની સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે અને હવે તેની ગમે ત્યારે ધરપકડ થઈ શકે છે.

જયપુર મેટ્રોપોલિટન કોર્ટ (POCSO કોર્ટ-3) ના ન્યાયાધીશ અલકા બંસલે અવલોકન કર્યું કે અત્યાર સુધીના પુરાવા કોઈ ખોટા આરોપનો સંકેત આપતા નથી અને ચાલુ તપાસ તેની સંભવિત સંડોવણી તરફ નિર્દેશ કરે છે. અહેવાલો અનુસાર, સાંગાનેર સદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી, જ્યાં સગીરે દયાલ પર આરોપ લગાવ્યો હતો કે તેની ક્રિકેટ કેરિયરને ટેકો આપવાનું વચન આપીને તેણે મને ફસાવી હતી, અને લગભગ અઢી વર્ષ દરમિયાન વારંવાર તેનું જાતીય શોષણ કર્યું હતું.

આ કથિત દુર્વ્યવહાર જયપુર અને કાનપુરની હોટલોમાં થયો હોવાનું કહેવાય છે. અધિકારીઓ છોકરીના ફોનમાંથી મળેલા ચેટ સંદેશાઓ, ફોટા, વીડિયો, કોલ રેકોર્ડ અને હોટેલ બુકિંગ વિગતોને પોક્સો એક્ટ હેઠળ મહત્વપૂર્ણ પુરાવા તરીકે ગણી રહ્યા છે. દયાલના વકીલ, કુણાલ જૈમને, આ આરોપોને નકારીને કહ્યું છે કે તેનો અસીલ છોકરીને ફક્ત જાહેરમાં મળ્યો હતો.

# ઓસ્ટ્રેલિયાએ ચોથી એશિઝ ટેસ્ટ માટે ઝડપી બોલરો પર ભાર મૂક્યો

**ઓસ્ટ્રેલિયાએ** જાહેર કરેલી 12 સભ્યોની ટીમમાં કેમરન ગ્રીન સાથે કુલ છ ઝડપી બોલર સામેલ

**ઘાયલ** નાથન લિયોનને સ્થાને ટીમમાં સામેલ ટોડ મર્ફીને પ્લેઈંગ ઇલેવનમાંથી બહાર રખાયો

મેલબોર્ન, તા. 25 (એપી) : ઓસ્ટ્રેલિયાએ આવતીકાલે શુક્રવારથી ઈંગ્લેન્ડ સામે શરૂ થઈ રહેલી ચોથી એશિઝ બોક્સિંગ ડે ટેસ્ટ માટે તેના ઝડપી બોલરો પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને ઇજાગ્રસ્ત નાથન લિયોનના સ્થાને પ્લેઈંગ ઇલેવનમાં કોઈ સ્પિનરને સામેલ કરાયો નથી.

એડિલેડમાં રમાયેલી ત્રીજી ટેસ્ટમાં લિયોન ઘાયલ થયો હતો અને તેના સ્થાને ઓફ સ્પિનર ટોડ મર્ફીને ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. જોકે, એમસીડી પિચ પર ઘાસ હોવાથી ઓસ્ટ્રેલિયાએ મર્ફીને બહાર રાખવાનો નિર્ણય લીધો.

ઈંગ્લેન્ડે પહેલી ત્રણ ટેસ્ટ હારી ગઈ, અને ઓસ્ટ્રેલિયા 11 દિવસમાં એશિઝ જીતી શક્યું. શેન વોર્ન અને લિયોન એમસીજીમાં ખૂબ જ સફળ રહ્યા છે અને આ મેદાન પર ઓસ્ટ્રેલિયન ટીમ પાસે સ્પિનર ન હોય તેવું ભાગ્યે જ બને છે.

કેપ્ટન સ્ટીવ સ્મિથે કહ્યું કે તમારે પિચ અનુસાર ટીમ પસંદ કરવી પડશે અને આ પિચને જોતા એવું લાગે છે કે અહીં ઝડપી બોલરોને ઘણી મદદ મળશે. લિયોન અને નિયમિત કેપ્ટન પેટ કમિન્સ બહાર હોવાથી, મિચેલ સ્ટાર્કની સાથે ઝાય રિચાર્ડસન, બ્રેન્ડન ડોગેટ, સ્કોટ બોલેન્ડ અને માઇકલ નેસર ઝડપી બોલિંગની જવાબદારી સંભાળશે.


**ઓસ્ટ્રેલિયા ટીમ :** ટ્રેવિસ હેડ, જેક વેધરલ્ડ, માર્નસ લાબુશેન, સ્ટીવ સ્મિથ (કેપ્ટન), ઉસ્માન ખ્વાજા, એલેક્સ કેરી, કેમરન ગ્રીન, માઇકલ નેસર, મિચેલ સ્ટાર્ક, ઝાય રિચાર્ડસન, બ્રેન્ડન ડોગેટ, સ્કોટ બોલેન્ડ.

**ઈંગ્લેન્ડ ટીમ :** ઝેક ક્રાઉલી, બેન ડકેટ, જેકબ બેથલ, જો રૂટ, હેરી બ્રુક, બેન સ્ટોક્સ (કેપ્ટન), જેમી સ્મિથ, વિલ જેક્સ, ગસ એટકિન્સન, બ્રાયડન કાર્સ, જોશ ટંગ.

## સુડોકુ ૩૦૨૬ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૭ | ૨ | | ૫ | | | |
| ૮ | ૬ | ૨ | ૩ | | | | | ૭ |
| | ૯ | | | | ૭ | | | |
| ૬ | | ૯ | ૫ | | ૩ | | | ૨ |
| | ૨ | | ૧ | ૮ | ૬ | ૭ | | ૫ |
| ૫ | | ૧ | ૯ | ૨ | | ૬ | | |
| ૯ | | | ૬ | | | | ૭ | |
| ૨ | | | | | | | ૬ | ૧ |
| ૭ | | | | ૩ | | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### નિમકંદ

ચામડીના રોગો હઠીલા હોય છે. લીમડો એ માટે અમોઘ શસ્ત્ર ગણાય છે. ઋતુ પ્રમાણે જ્યારે લીમડા પર ફૂલ બેસે ત્યારે આ ફૂલ ભેગાં કરી લો. ગુલકંદ વિધિ પ્રમાણે ફૂલોથી બમણી સાકર લઇ ગુલકંદ બનાવો. રોજ સવારે અને સાંજે તેમાંથી બે બે ચમચી ખાવાથી અત્યંત સુંદર પરિણામ મળ્યાં છે.

## શબ્દગુંફન - ૭૧૩૦

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. મજા, આનંદ (૪)
૪. જિંદગી, જન્મારો (૩)
૭. પાછું (૩)
૯. વિશ્વાસ (૩)
૧૦. સાચવણી, માવજત (૩)
૧૨. આદર (૨)
૧૩. ચાલ, ઝડપ (૨)
૧૪. જંગલી, વન્ય (૨)
૧૫. શંકર (૨)
૧૬. અવાજ, ઘોષ (૨)
૧૭. પાણીનો કુંડ (૨)
૧૮. અભિપ્રાય (૨)
૧૯. રાજા (૨)
૨૧. આશ્ચર્યકારક (૩)
૨૪. દિલ ઊંચુ થવુ તે (૪)
૨૬. ફરિયાદ (૨)
૨૮. લોકમત (૪)
૩૦. નિવારનારું (૪)
૩૪. પદવિ, ઉપાધિ (૨)
૩૫. ખુશબો, મહેક (૪)

**ઊભી ચાવી**

૨. નવાઈ (૩)
૩. તપસ્યા (૨)
૪. ફત્તેહ વિજય (૨)
૫. આંખ (૩)
૬. દાન આપનાર (૪)
૮. સુંદર સ્ત્રી (૨)
૧૦. દુનિયા (૨)
૧૧. રોકડું (૩)
૧૨. અભિમાની (૨)
૧૪. રાજાને કરાતું સંબોધન (૩)
૧૫. ઘવાયેલું (૨)
૧૬. સરદાર, આગેવાન (૩)
૧૮. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૨૦. પાય, ઇલાજ (૨)
૨૨. મુખ, ચહેરો (૩)
૨૩. રમતમાં આવતો વારો (૨)
૨૫. ચાલાક, હોશિયાર (૩)
૨૬. રાત્રી (૨)
૨૭. એક વાર (૨)
૨૮. આદમી (૨)
૨૯. ઘા ઉપર લગાડવાનું ઔષધ (૩)
૩૧. ઢીલ, વિલંબ (૨)
૩૨. પ્યાલો (૨)
૩૩. રસ્તો, રાહ (૨)



## આજનું પંચાંગ

**તા. 26/12/2025, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પૌષ
**તિથિઃ** સુદઃ છઠ:13:44
**રાષ્ટ્રિય દિનાંક :** પૌષ :05
**અયન :** ઉત્તરાયણ **ઋતુ :**શિશિર
**નક્ષત્ર :** શતભિષા:09:01 પછી પૂ.ભા.
**યોગ :** સિધ્ધિ **કરણઃ** ગર
**રાશિઃ** કુંભ (ગ,સ,શ,ષ) 27:11 પછી મીન (દ,ચ,ઝ,થ)
**દિવસ :** સામાન્ય
**સુરતમાં સૂર્યોદય :** 07:15
**સુરતમાં સૂર્યાસ્ત :** 18:03
**નવકારસી :** 08:03
**પારસી વર્ષ :** 1395, અમરદાદ માસનો 14મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રજ્જબ માસનો 05મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** બપોરે 10:30 થી 12:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** આવક આવતી રહેશે. કોઈ આર્થિક જોખમ ઉઠાવવું નહી. પ્રેમ તથા મિત્રો બાબતે વિવાદ ટાળવો.
**વૃષભ (બ,વ,ઉ,):** નોકરીમાં ઊપરી વર્ગની મદદ મળે. અટકેલા કામ પાર પડે. જાહેર અને સમાજ જીવનમાં સાવધાન.
**મિથુન (ક,છ,ઘ,):** નોકરી-રોજગાર માટેની મહેનત રંગ લાવે. જીવન સાથીના કામમાં મદદરૂપ થશો. ધર્મ-કર્મ થાય.
**કર્ક (ડ,હ,):** ઉધાર લેવુ નહીં. ચોર-લૂંટારૂથી સાવધાન રહેવું. કોઈની વાતોમાં રોકાણ કરવું નહીં.
**સિંહ (મ,ટ,):** કોર્ટ-કચેરીની ચિંતા સતાવે. પારીવારિક ઝઘડાથી પરિવારમાં અશાંતિ વધે. આવક વધશે.
**કન્યા (પ,ઠ,ણ,):** નોકરીમાં જવાબદારી વધે. વિજાતિય મિત્રો સાથે સાવધાની રાખવી. ખર્ચા વધશે.
**તુલા (ર,ત,):** રોકાણમાં સલાહ લેવી. પ્રેમમાં ધીરજ રાખવી. અભ્યાસમાં મન ઓછું લાગશે.
**વૃશ્ચિક (ન,ય,):** કૌટુંબીક અને સામાજિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાનું બને. માનસિક અશાંતિ રહે. આરોગ્ય નરમ રહે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** કોઈ ભેટ મળી શકે. મહત્ત્વની મુલાકાત થાય. ગુપ્તભય સતાવે. પારિવારિક પ્રશ્નો સતાવે.
**મકર (ખ,જ,):** આવક વધે, પણ અચાનક ખર્ચા આવશે. સંતાનોના કામની ચિંતા રહે. ગુપ્ત ભય સતાવે.
**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરીમાં સહકારથી કામ કરવું. નવી તક મળે. સમાજ જીવનમાં અશાંતિ વધશે.
**મીન (દ,ચ,ઝ,થ,):** પોલીસ લફરાથી બચવું. પ્રવાસમાં છેતરાઈ જવાનું બને. ગુપ્ત શત્રુઓથી સાવધાન.

## કોઇ પણ સાલમાં 26 ડિસેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ કસોટીજનક પસાર થશે. નોકરીમાં ટેકનોલોજી નવી સરકારી નીતિ પ્રમાણે કામગીરીથી બોજ વધે. ધંધામાં હરીફો વધે. સમાજમાં અશાંતિ વધે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. નવાં નોકરી-ધંધા-વ્યવસાયમાં તકની સાથે સંઘર્ષ અને નવાં-ફેરફારથી રૂકાવટનો અનુભવ થાય. મિત્રો-વડીલોની મદદ સમાજિક પ્રશ્ન, કોર્ટ કચેરી વિલ-વારસા, જાયદાત જમીન અને સંતાનોના અભ્યાસ- કેરીયરમાં મદદ મળતી રહેશે. નવા ઘર, વાહન, મકાન બાબતે મધ્ય વર્ષમાં અનુકુળતા થાય. ઊંમર લાયકના વિવાહ થાય. વિદેશના કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી રાહત થાય. યાત્રા-પ્રવાસ, ધર્મ- કર્મ થાય. ડિસેમ્બર-જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ભાગ્યનો સાથ મળે.-માર્ચ- એપ્રિલમાં આવક કરતાં ખર્ચા વધશે.

# રમતગમતમાં 2014 પહેલા થતી અનિયમિતતાઓ હવે દૂર થઇ : મોદી

**ટીમ** પસંદગીની અનિયમિતતાઓ દૂર થતાં હવે ગરીબ બાળકો પણ ટોચ પર પહોંચી શકે છે

**2014** પહેલા દેશનું રમતગમત બજેટ રૂ.1,200 કરોડથી ઓછું હતું, જે હવે રૂ.3,000 કરોડથી વધુ છે

નવી દિલ્હી, તા. 25 : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું કે 2014 પહેલા રમતગમત વિભાગ અને ટીમ પસંદગીમાં થતી અનિયમિતતાઓ હવે સમાપ્ત થઈ ગઈ છે અને ગરીબ પરિવારોના બાળકો પણ સખત મહેનત અને પ્રતિભાના આધારે ટોચના સ્તરે પહોંચી રહ્યા છે. યુવાનોમાં રમતગમત સંસ્કૃતિ અને નેતૃત્વ કૌશલ્યને પ્રોત્સાહન આપવા માટે આયોજિત સાંસદ ખેલ મહોત્સવમાં બોલતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આ ઉત્સવમાં શહેરોથી ગામડાઓ સુધી, તમામ પૃષ્ઠભૂમિના લોકોની ભાગીદારી દર્શાવે છે કે તેનો વ્યાપ અને પ્રભાવ કેટલો મોટો છે. તેમણે કહ્યું કે 2014 પહેલા દેશનું રમતગમત બજેટ 1,200 કરોડથી ઓછું હતું, જે હવે 3,000 કરોડથી વધુ છે. તેમણે કહ્યું કે TOPS (ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ) યોજના દ્વારા, રમતવીરોને માસિક 25,000 થી 50,000 ની સહાય મળી રહી છે.

તેમણે ઉમેર્યું હતું કે આ ઉત્સવ યુવા વિકાસ દ્વારા રાષ્ટ્ર નિર્માણના મંત્રનો મજબૂત સ્તંભ બની રહ્યો છે. સંસદ રમતોત્સવ દેશને હજારો પ્રતિભાશાળી ખેલાડીઓ પ્રદાન કરી રહ્યો છે. જીત અને હાર ઉપરાંત, રમતગમત દ્વારા કેળવવામાં આવતી રમતગમતની ભાવના સક્ષમ અને શિસ્તબદ્ધ યુવાનોનું નિર્માણ કરે છે, અને આ યુવાનો જ રાષ્ટ્રના ભવિષ્યને આકાર આપે છે. આ ઉત્સવ સમાજની માનસિકતા બદલવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે દેશના દૂરના ભાગોમાંથી ઘણા બધા ઉદાહરણો સામે આવી રહ્યા છે જે સમગ્ર રાષ્ટ્રને પ્રેરણા આપે છે. ક્યાંક, એક અપંગ ખેલાડી પડકારોનો સામનો કરીને મહાન ઊંચાઈઓ પર પહોંચી રહ્યો છે; ક્યાંક, મેદાન પર, એક પુત્રી તેના સપનાઓને સાકાર કરી રહી છે; અને સંસદ ખેલ મહોત્સવ આવા ખેલાડીઓને તેમની પ્રતિભા દર્શાવવાની તક આપી રહ્યો છે.

# બાલાજી ટીમનો મહત્વપૂર્ણ સભ્ય છે : ડેવિસ કપ કેપ્ટન રાજપાલ

**નેધરલેન્ડ** સામેની મેચમાં સ્થાન ન મળવાનો અર્થ એ નથી કે બાલાજી માટે દરવાજા બંધ થઇ ગયા, આગામી મેચ માટે તેનો વિચાર થઈ શકે છે

નવી દિલ્હી, તા. 25 (પીટીઆઈ) : ભારતના ડેવિસ કપ કેપ્ટન રોહિત રાજપાલે ગુરુવારે કહ્યું કે અનુભવી ડબલ્સ નિષ્ણાત એન શ્રીરામ બાલાજી નેધરલેન્ડ્સ સામેની આગામી મેચ માટે ટીમમાં સ્થાન ન મેળવી શક્યા હોવા છતાં તેમના માટે દરવાજા બંધ નથી અને ટીમ સંયોજનને ધ્યાનમાં રાખીને પસંદગી કરવામાં આવી છે.

રાજપાલે કહ્યું કે ડબલ્સ ટીમને ડ્યુસ કોર્ટ નિષ્ણાતની જરૂર છે અને ઋત્વિક બોલીપલ્લી યુકી ભાંબરી સાથે મળીને આ ભૂમિકા સારી રીતે ભજવી શકે છે. ટીમ કોમ્બિનેશન જોતાં, અમે ડ્યુસ કોર્ટ પ્લેયર શોધી રહ્યા હતા. યુકી યોગ્ય કોર્ટથી રમે છે. રિત્વિક ડ્યુસ કોર્ટ સ્પેશિયાલિસ્ટ છે, પરંતુ બાલાજી માટે દરવાજા બંધ નથી એમ રાજપાલે પીટીઆઈને જણાવ્યું. કોર્ટની જમણી બાજુને ડ્યુસ કોર્ટ કહેવામાં આવે છે જ્યાં દરેક રમત શરૂ થાય છે જ્યારે એડવાન્ટેજ કોર્ટ ડાબી બાજુ હોય છે.


તેણે કહ્યું કે બાલાજી પહેલા પણ ભારત માટે સિંગલ્સ રમી ચૂક્યા છે અને નિર્ણાયક મેચોમાં રમ્યા છે. તે ભારતીય ટીમનો મુખ્ય સભ્ય છે અને જો તે આગામી મેચ માટે ફિટ થશે, તો તેના નામ પર વિચાર કરવામાં આવશે. ભારત 7 અને 8 ફેબ્રુઆરીએ બેંગલુરુમાં ડેવિસ કપ ક્વોલિફાયરમાં નેધરલેન્ડ્સ સામે રમવાનું છે. રિઝર્વ ખેલાડી આર્યન શાહે આ ટાઈમાંથી ખસી ગયા હોવાનું માનવામાં આવે છે, જેના કારણે ઓલ ઈન્ડિયા ટેનિસ એસોસિએશન (AITA) નારાજ થયું છે.

## નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ઓફિસર જીમખાનાના 8 શૂટરની પસંદગી



સુરત, તા. 9: 68મી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ઓફિસર જીમખાનાના આઠ શૂટર ભાઈ બહેનોની પસંદગી થઈ છે. જેમને નેશનલ ચેમ્પિયનશિપ રમવા માટે પસંદ કરાયા છે તેમાં તૃપ્તિ ચેવલી, પ્રજના ઉધનાવાલા, માહી પટેલ હેત પરમાર, ક્રીક્ષિતા પટેલ, શ્લોક બર્માવાલા, સોરીયાસ રાજાવત, તનિષ આસોદરીયા સામેલ છે. આ તમામ શૂટર્સને શૂટિંગનું માર્ગદર્શન તૃપ્તિ ચેવલીએ આપ્યું છે, ઓફિસર્સ જીમખાનાના તમામ શૂટર્સ ભાઈ બહેનોને અશોક મહેતાએ અભિનંદન આપ્યા છે.

## ઈન્ટર ઝોનલ કરાટે ચેમ્પિયનશિપમાં સુરતની પુરુષ ટીમે બ્રોન્ઝ જીત્યો



સુરત, તા. 9: દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે ચોથી ઓલ ઈન્ડિયા ઈન્ટર ઝોનલ સિનીયર કરાટે ચેમ્પિયનશીપ 2025નું આયોજન કરાયું હતું જેમાં સુરતનાં અક્ષત કહાર, અભિષેક સોલંકી અને બિસ્વાલે વેસ્ટર્ન ઈન્ડિયા ઝોનનું પ્રતિનિધિત્વ કરી સિનીયર મેલ ટીમ કાતા શ્રીજા ક્રમ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ગુજરાત રાજ્ય માટે ટીમ કાતા ઈવેન્ટમાં પ્રથમ મેડલ છે.